## દેડકા પાસેના કૂવા પરથી ૧૩ હજારની મતા ચોરાઈ

હિંમતનગર, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા પાસે આવેલ દેડકા ગામે રહેતા ફતાભાઈ જોગાભાઈ ગમારના નદી કિનારે આવેલ બોર કુવા પરથી ગત તા. ૨૭ નવેમ્બરની રાત્રે અજાણ્યા શખ્સો રૂ. ૧૦ હજારની ઈલેક્ટ્રીક મોટર રૂ. ૧૫૦૦ નો કેબલ તથા રૂ. ૨ હજારની પાઈપ મળી અંદાજે રૂ. ૧૩,૫૦૦ મતાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ફતાભાઈ ગામાર. શુક્રવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## બેરણા ચોકડી અને ઈડર બસ સ્ટેન્ડ પાસેથી બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના બેરણા ચોકડી પાસેથી ગુરૂવારે બાઈક નં. જી. જે. ૦૯. સી. કે. ૭૬૬૬ ની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે બાઈકના માલિક દર્શનકુમાર હરેશભાઈ પટેલે શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

તેજ પ્રમાણે ઈડર બસ સ્ટેન્ડની સામે આવેલ પાર્શ્વ હોસ્પિટલની સામેની ખુલ્લી જગ્યામાં એકાદ માસ અગાઉ અનિલકુમાર કાળાભાઈ ભંગીએ રૂ. ૧૫ હજારની કિંમતની બાઈક નં. જી.જે.૦૯.એ.એમ.૩૫૬૫ ની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે અનિલકુમારે ચોરાયેલા બાઈકની તપાસ કરવા છતાં પત્તો ન મળતા તેમણે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ શુક્રવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# અરવલ્લી જિલ્લા ખાણ-ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનિજનું વહન કરતા વાહનો કબજે કર્યા

અરવલ્લી જિલ્લા ખાણખનિજ વિભાગ દ્વારા જિલ્લામાં બેફામ બની ખનીજનું ગેરકાયદેસર વહન કરતા અને ખનન ચોરીમાં સંકળાયેલા ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા ખાણખનિજ વિભાગે મોડાસા તાલુકાના જીવણપુર ટીંટોઈ અને દાવલી ગામના વિસ્તારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે અને રોયલ્ટી પાસ કરતા વધારે ખનીજનું વહન કરતા એક ટ્રક અને ત્રણ ટ્રેક્ટર સહિત પાંચ વાહનો કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવી હતી. ખાણ ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ૪૦ લાખના વાહનો જબ્બે કરી ૬૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ગેરકાયદેસર ખનન કરતા અને ખનિજનું વહન કરતા ભૂમાફિયાઓ પર સપાટો બોલાવ્યો હતો. જિલ્લાના માઈન્સ ઈન્સ્પેક્ટરો દ્વારા જિલ્લાના વિવિધ માર્ગો પરથી પસાર થતા ગેરકાયદેસર ખનીજનું વહન કરતા વાહનચાલકોને ઝડપી પાડવા કાર્યવાહિ હાથ ધરી હતી. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામ નજીકથી પસાર થતી આઈવા ડમ્પરને તલાશી લેતા ડમ્પરમાંથી રોયલ્ટી પાસપરમીટ કરતા વધારે રેતી ભરેલી હોવાથી આઈવા ટ્રકને કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. દાવલી નજીકથી વધુ એક ઓવરલોડ ભરેલી રેતીનું વહન કરતા અટકાવી ઝબ્બે કરી હતી. જીવણપુર નજીકથી ત્રણ ટ્રેક્ટરો વગર રોયલ્ટી પાસ પરમીટ વહન કરતી રેતી ભરેલા ટ્રેક્ટરો ઝડપાઈ ગયા હતા. અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ૧૫ લાખનું આઈવા ડમ્પર ટ્રક, ૧૦ લાખની ટ્રક સહિત અન્ય ત્રણ ટ્રેક્ટરો કિંમત રૂ. ૧૫ લાખ મળી કુલ ૪૦ લાખના વાહનો કબ્જે લેવાયા હતા અને કાયદેસરની કાર્યવાહિ કરી ગેરકાયદેસર રોટલ્ટી પાસ વગર ભરેલા ટ્રેક્ટરો અને ટ્રક-આઈવાના માલીક પાસેથી ૬૦ હજારનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લામાં ભૂમાફિયાઓ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટાપાયે ગેરકાયદેસર ખનન કરી અન્ય રાજ્ય અને જિલ્લા નજીક આવેલા પંચમહાલ, ખેડા, મહિસાગર, સાબરકાંઠા ખનન સપ્લાય કરવાનો મોટાપાયે કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો છે.





અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા આવા ગેરકાયદેસર ખનન કરતા ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહિ હાથ ધરવામાં આવે તેવી જિલ્લાના પ્રકૃતિપ્રેમીઓએ માંગ કરી છે.

## આજે મતદારો મતદારયાદીની ચકાસણી કરી શકશે

હિંમતનગર, તા. ૫

ચૂંટણી પંચ દ્વારા તા. ૫ થી ૨૦ ડીસેમ્બર સુધી બુથ લેવલના અધીકારીઓ દ્વારા ઘરે ઘરે ફરી મતદારયાદીની વિગતોની ચકાસણી કરશે. જે અંતર્ગત તા. ૬ ડીસેમ્બર અને ૧૩ ડીસેમ્બરના રોજ ખાસ જુંબેશના ભાગરૂપે દરેક મતદાન મથકો પર બુથ લેવલ ઓફીસર હાજર રહેશે. જયાં મતદારો મતદારયાદી સંદર્ભે ફોર્મ ભરી શકશે.

## નિકોડાની સગીરાનું અપહરણ કરાતા એક વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર તાલુકાના નિકોડા ગામે રહેતા વર્ષાબેન લીલાભાઈ રાવળનું ઈડર તાલુકાના સાપા ગામના બંછીભાઈ તખાભાઈ ખરાડી તા. ૧ ડીસેમ્બરના રોજ લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી તેણીનું અપહરણ કરીને લઈ ગયા હતા. જે અંગે લીલાભાઈ રાવળે બંછીભાઈ ખરાડી વિરૂધ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રહેડાની મહિલાની છેડતી કરાતા એક વિરુદ્ધ ફરિયાદ

વડાલી તાલુકાના રહેડા ગામના રાકેશભાઈ માલાભાઈના પત્નિ પારૂલબેન ગત ગુરૂવારે ખેતરમાં ઘાસ લેવા ગયા હતા ત્યારે ગામના જ લાલાભાઈ અળખાભાઈ ઠાકોરે તેણીની છેડતી કરતા પારૂલબેને બુમાબુમ કરી હતી. જેથી લાલાભાઈ ઠાકોર ભાગી ગયા હતા.

# હિંમતનગર પાલિકાના ભાજપાના ૩ ઉમેદવારો સહિત ૮ની ડીપોઝીટ ડુલ

હિંમતનગર, તા. ૫

હિંમતનગર નગરપાલિકાની ચૂંટણીના પરિણામો બાદ ૮ ઉમેદવારોને માન્ય મતો કરતા ઓછા મત મળતા ડીપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો છે. જેમાં વોર્ડ નં. ૩ ના ભાજપના ત્રણ ઉમેદવાર સહિત ત્રણ અપક્ષ ઉમેદવારોને ઓછા મત મળતા ડીપોઝીટ જપ્ત કરવામાં આવી છે.

આ અંગે હિંમતનગર નગરપાલિકાના ચૂંટણી અધિકારી કલ્પેશ પાટીદારે જણાવ્યું હતું કે નગરપાલિકાની ચુંટણીઓમાં ભાજપને ૨૭ જયારે કોંગ્રેસના ૯ ઉમેદવારોને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી કરતા ચૂંટણી રસાકસીભરી બની હતી. નગરપાલિકાના વોર્ડ નં. ૨ માં અપક્ષ ઉમેદવાર રમેશભાઈ ત્રિકમભાઈ સલાટને માન્ય મતોમાંથી ઓછામાં ઓછા ૫૩૨ મત મેળવવાના હતા. પરંતુ તેમને માત્ર ૪૨૦ મત મળતા ડીપોઝીટ જપ્ત કરવામાં આવી હતી. જયારે વોર્ડ નં. ૩માં ભાજપના ઉમેદવાર આઈસાબેગમ વડાલીવાલા, મહંમદ હનીફ કુરેશી, સહનાજબીબી પાંચભૈયાને ૫૦૩ મત મેળવવાના હતા. પરંતુ તેઓને તેનાથી પણ ઓછા મત મળતા ભાજપના ત્રણે ઉમેદવારની ડીપોવઝીટ ડુલ થઈ હતી. જયારે અપક્ષ ઉમેદવાર બબાજી વણજારાને ૨૯૦, મહંમદજુનેદ વોરાને ૧૨૮ તથા મહંમદસોયેબ ઈસ્લામ મનસુરીને ૨૦૫ મત મળ્યા હતા. જયારે વોર્ડ નં. ૪ માં ડીપોઝીટ બચાવવા માટે ૫૮૩ મતદારો ના મત ઉમેદવારોને મેળવવાના હતા. જેમાં માત્ર એક અપક્ષ ઉમેદવાર જાનુદીન ગ્યાસુદીન સૈયદને ૪૮૬ મત મળતા તેમની ડીપોઝીટ ગુમાવી પડી હતી. આમ નગરપાલિકાના ચૂંટણી દરમિયાન વોર્ડ નં. ૨ માં એક, વોર્ડ નં. ૩ માં ૬ તથા વોર્ડ નં. ૪ માં ૧ ઉમેદવારની ડીપોઝીટ જપ્ત કરવામાં આવી હતી. પાટીદાર આંદોલનના કારણે ભાજપકોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારોએ પણ મતદારોને રીઝવવા માટે ખૂબજ જહેમત ઉઠાવી હતી. છતાં અપક્ષ ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો.

## ઈડરના ચોરીવાડ ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના ઈડર નજીક આવેલા ચોરીવાડ ખાતે શનિવારે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીની અધ્યક્ષતામાં વિશ્વ જમીન દિવસની ઉજવણી કરાઈ હતી. ચોરીવાડની પટેલ સમાજવાડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં બોલતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, દેશમાં સૌ પ્રથમવાર જમીનની ફળદ્રૂપતાની ચકાસણી કરવાનું કામ ગુજરાતમાં થયું છે અને ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેના થકી ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. અને ખર્ચમાં ઘટાડો થયો છે, વળી ખેડૂતોને પોતાના જમીનની ક્ષમતા અનુસાર પાકનું વાવેતર કરતા તેમની આવક બમણી થઈ છે. કૃષિ સાથે સંલગ્ન પશુપાલન વ્યવસાય પર ભાર મુકતા જણાવ્યું હતું કે, દૂધાળા પશુઓના ઉછેરથી મહિલાઓ પર આર્થિક રીતે સધ્ધર બની છે. મંત્રીએ ઈડર અને વડાલી તાલુકામાં થયેલા વિકાસ અંગે જણાવ્યું હતું કે, જિલ્લામાં ૧૧૮૧ ખેડૂતોને ટ્રેક્ટરની સહાય આપી છે જેમાંથી ૭૬૭ ખેડૂતો ઈડર વડાલીના છે. તેમણે સૂક્ષ્મ પિયત પધ્ધતિમાં અપાયેલી સહાય વાત કરતા ઉમેર્યુ કે જિલ્લામાં ૨૮૮૯ પૈકી ૧૬૦૩ ધરતીપુત્રોને આ યોજનાનો લાભ અપાયો છે. તે તમામ ઈડર અને વડાલી તાલુકાના છે.

## પાદરડીમાં કરંટ લાગતા યુવક દાઝી ગયો

ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી ગામનો યુવાન શનિવારે ખેડૂત ટ્રેક્ટર લઈ ખેતરમાં જતાં હેવી વીજ લાઈનના નીચા વાયર ટ્રેક્ટરને અડી જતા યુવકને કરંટ લાગતા દાઝી જવા પામ્યો હતો. યુવકને સારવાર માટે ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પટેલ સાગરભાઈ નટવરભાઈ શનિવારે સવારે ટ્રેક્ટર નંબર જી.જે.૦૯. એ. એફ. ૧૧૮૬ લઈ ખેતરે જવા નિકળ્યા હતા. દરમિયાન ધોળી મગરી પાસેથી પસાર થતી ૧૧ હજાર કેવીની વીજ લાઈનના ઢીલા વાયર ટ્રેક્ટરને અડી ગયા હતા. જેથી ટ્રેક્ટરના ટાયરમાં ધડાકો થયો હતો. અને સાગરભાઈને પણ કરંટ લાગતા ટ્રેક્ટરમાંથી ફેકાઈ ગયા હતા.

# અરવલ્લીમાં ભૂમિપુત્રોના બુરે દિન

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં ચોમાસામાં વરસાદ સારો થવાથી જિલ્લાના ભૂમિપુત્રોએ મોંઘાદાટ બિયારણ ખરીદી, મોંઘી દવાઓ વાપરી સારા ભાવ મળી રહેવાની આસાએ ચાલુ સાલે ચોમાસામાં કપારની ખેતીનું મોટા પાયે વાવેતરણ ખોલી ૮૧૦ રૂા. ના ટેકાના ભાવે ખરીદાતા જિલ્લાના ખેડૂતોને બુરે દિની શરુઆત થઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલો ૮૧૦ રૂા. ના ટેકાનો ભાવથી ખરીદી કરવામાં આવી રહી છે. જેની સામે ખેડૂતોને થયેલા ઉત્પાદન ખર્ચ જેવા કે ખેડૂતોની હાલત કફોડી બની છે. જિલ્લાના ભૂમિપુત્રોના જણાવ્યા મુજબ જિલ્લાના ભૂમિપુત્રોએ વાવણી કરેલા કપાસની ખેતીનો ઉત્પાદન ખર્ચ વધુ આવતો હોવાથી સરકાર દ્વારા કપાસના ટેકાનો ભાવ ૧૨૨૬ રૂપિયા મળે તો ખેડૂતોને નુકશાનની ભરપાઈ થવાની આશા



### સરકારે જાહેર કરેલા પોષણક્ષમ ભાવ ખેડૂતોને ન અપાતા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

કર્યું હતું. જિલ્લાના ભૂમિપુત્રો દ્વારા વાવેતર કરાયેલા કપાસના ભાવ તળિયે રહેતા અને સરકાર દ્વારા જાહેર કરાયેલા રૂા. ૮૧૦ ટેકાનો ભાવ પોષણક્ષમ નહિ હોવાથી અને ઉત્પાદન ખર્ચ વધુ હોવાથી ટેકાનો ભાવ વધારવાની માંગ સાથે જિલ્લાના ભૂમિપુત્રોએ અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો માટે અચ્છે દિન દિવાસ્વપ્ન બની રહ્યા હોય તેવી લાગણી અનુભવી રહ્યા છે. હાલ કેન્દ્ર સરકાર દ્વારા સી.સી.આઈ. કેન્દ્રો બિયારણ, મોંઘીદાટ દવાઓ અને મજૂરી ખર્ચ વધુ હોવાથી કેન્દ્ર સરકાર દ્વારા ટેકાનો ભાવ વધારવામાં આવે તદ્ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ખોયાલેલ સી.સી.આઈ. કેન્દ્ર દ્વારા સરકારના પરિપત્રનો અમલ કરાતા એક કેડૂત પાસેથી ૨૦૦ મણથી વધારે કપાસની ખરીદી ન કરાતા જિલ્લામાં વધુ ઉત્પાદન મેળવેલા કપાસનો જથ્થો કયાં વેચવા જવો? તેમજ કપાસની ખરીદી કરતા વેપારીઓ દ્વારા ખેડૂતોની મજબુરીનો ફાયદો ઉઠાવતા કેન્દ્ર સરકારના ટેકાના ભાવથી પણ ઓછા ભાવે ખરીદી કરવાની તૈયારી બતાવતા હોવાથી સાથે મણના ૧૫૦૦ રૂપિયા થાય તો જ પોસાય તેવી કફોડી સ્થિતિ પેદા થતા. કેન્દ્ર સરકાર દ્વારા કપાસની વાવણી કરાયેલ ભૂમિપુત્રોની મજાક કરાઈ હોય તેમ ટેકાનો ભાવ રૂા. ૮૧૦ જાહેર કરતા ભૂમિપુત્રોનાં ભારે ઉશ્કેરાટની સાથે કેન્દ્ર સરકાર દ્વારા કપાસના પોષણક્ષમ ભાવનો વિરોધ કરવાની સાથે પોષણક્ષમ ભાવ વધારવાની ઉગ્ર માંગ સાથે ભૂમિપુત્રોની પોતાની રજૂઆત સરકાર સુધી પહોંચાડવા માટે જિલ્લા કલેકટર એસ. છાકસુઆકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## મહેસાણા જિલ્લામાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

મહેસાણ જિલ્લામાં જિલ્લા કલેકટર લોચન સેહરાના માર્ગદર્શન હેઠલ મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૦૫ ડિસેમ્બરથી ૨૨ જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન યોજાઈ રહ્યો છે.આ ઉપરાંત જિલ્લામાં દરકે મતદાન મથકો ઉપર રવિવારે ખાસ ઝુંબેશ તરીકે ૦૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બરના રોજ સ્થળ પર મતદાર યાદી સુધારણા બાબતે સવારે ૯ કલાકથી સાંજે ૬ કલાક દરમિયાન ફોર્મ આપવાની અને સ્વીકારવાની કાર્યવાહી થઈ શકશે. ૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ૧૮ વર્ષપુણ થતા હોય તેવા મતદારોએ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે ફોર્મ નંબર ૦૬ જરૂરી પુરાવા સાથે ૦૫ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન ભરી શકશે,આ ઉપરાંત મતદાર યાદીમાં સુધારા-વધારા માટે ફોર્મ નંબર ૦૮ અને નામ કમી કરવા માટે ફોર્મ નંબર ૦૭ ભરી શકાશે. ફોર્મ સંબધિત પ્રાન્ત અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરીમાંથી વિનામુલ્યે મળી રહેશે. આ અંગેની ઓનલાઈન અરજી www.ceo.gujarat.gov.in પર કરી શકાશે. આપનું નામ મતદાર યાદીમા છે કે કેમ તે એસ.એમ.એસથી જાણી શકાશે. આ માટે epic (ખાલી જગ્યા) આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૮૫૧૧૧૯૯૮૯૯ પર એસ.એમ.એસ કરવાથી વિગતો જાણી શકાશે.

# દિયોદરમાં જજે આજીવન કેદની સજા સંભળાવતા આરોપીએ જજ સામે ચંપલ ફેંકી હૂમલો કર્યો

## કોર્ટમાં ઉપસ્થિત સુરક્ષા કર્મચારીઓએ આરોપીને ઝડપી પાડતા જજ અને વકિલે રાહતનો દમ લીધો

દિયોદર, તા. ૫

દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ આજે સુઈગામના મોરવાડા ગામે થયેલ વૃદ્ધ મહિલાની હત્યાના આરોપીને આજીવન કેદની સજા સંભળાવતા આરોપી કોર્ટ રૂમમાં જ જજ સામે ચંપલ ફેંકી હૂમલો કરવાની કોશિષ કરી હતી. જેમાં કોર્ટમાં સુરક્ષા કર્મચારીઓ દોડી આવી આરોપીને ઝડપી પાડતા જજ અને વકિલે રાહતનો દમ લીધો હતો. જાણવા મળતી માહિતી મુજબ સુઈગામ તાલુકાના મારવાડા ગામે ત્રણ વર્ષ અગાઉ થયેલ હત્યા કેસમાં આરોપી હત્યારો પરમાભાઈ માધાભાઈ ઠાકોરને આજે દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટ રૂમમાં જ સરકારી વકિલ ડી.વી. ઠાકોર એડિશનલ સેસન્સ જજ વી.કે. પુજારા સમક્ષ દલીલો કરી હતી. જેમાં કોર્ટ આરોપીને આજીવન કેદ અને દસ હજારનો દંડ ફટકારતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તેના પગનું ચંપલ કાઢી જજ વી.કે. પુજારા સમક્ષ ફેંકી હૂમલો કરવાની કોષિશ કરી હતી. આ ઘટના બનતા કોર્ટમાં તૈનાત પોલીસ કર્મચારીઓ દોડી આવી આરોપીને ઝડપી પાડતા કોર્ટ રૂમમાં ઉપસ્થિત જજ અને વકિલોએ રાહતનો દમ લીધો હતો તેમજ આ ઘટનાને વકિલોએ વખોડી કાઢી હતી.

### કોર્ટ રૂમમાં જજ સામે ચંપલ ફેંકાયુ ડી. વી. ઠાકોર (સરકારી વકીલ)

આ ઘટનાને ગંભીર રીતે વખોડી કાઢતા સરકારી વકિલ ડી.વી. ઠાકોરે જણાવ્યું હતું કે આજે મોરવાડા વૃદ્ધ મહિલા હત્યા કેસ ચાલી રહ્યો હતો. જેમાં તમામ પુરાવા આરોપી વિરૂદ્ધ હોવાથી તેને આજીવન કેદની સજા આપી હતી. જેમાં આરોપી અચાન ઉશ્કેરાઈ જઈ જજ સામે ચંપલ ફેંકી હૂમલો કરવાની કોશિષ કરી હતી. ન્યાય મંદિરમાં આ બનાવ અમો વખોડી કાઢ્યો છે.

### બૉંબ બ્લાસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેંસી બજારમાં મુખ્યરીતે હિન્દીભાષી કારોબારીઓ માટેના મોટા ગઢ તરીકે ગણવામાં આવે છે. પહેલી ડિસેમ્બરના દિવસે ઉલ્ફા બંડખોરોએ ડિબ્રુગઢ જિલ્લામાં નમરુપ ખાતે પ્લાન્ટમાં હુમલો કર્યો હતો જેમાં પણ બે લોકો ઘાયલ થયા હતા.

### તોઈબા તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે તે પૈકીના બેની ઓળખ કરી લેવામાં આવી છે. આ બે ત્રાસવાદીઓની ઓળખ દુજાના અને અકશા તરીકે કરવામાં આવી છે. લાંબા સમયથી ત્રાસવાદીઓ બેઝ બનાવવાની યોજના ધરાવે છે. આત્મઘાતી હુમલાઓ અથવા તો ગ્રેનેડ હુમલાઓ કરીને દિલ્હીમાં હાઈપ્રોફાઈલ લોકોને ટાર્ગેટ બનાવવાની યોજના ચાલી રહી છે. તોઈબાના ત્રાસવાદીઓ નોમન, ઝેદ અને ખુરશીદ જેવા કોડ નામનો ઉપયોગ કરી રહ્યા હોવાની બાબત સપાટી ઉપર આવી છે. દિલ્હીમાં ભરચક વિસ્તારોને ટાર્ગેટ કરવામાં આવી શકે છે.

### કામગીરીના નામે મીંડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રી ટ્રાન્સપ્લાન્ટ કરવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે. વૃક્ષોના રીટ્રાન્સપ્લાન્ટેશન માટે જી પી સી બી દ્વારા મશીન ફાળવવામાં આવ્યુ છે. આમછતા તંત્ર દ્વારા તેનો ઉપયોગ ન થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. છેલ્લા ઘણાં સમયથી વન તંત્રની કચેરીમાં આ મોંઘુદાટ મશીન બિનઉપયોગી હાલતમાં પડયુ છે. જયારે શહેરમાં વૃક્ષોના ટ્રાન્સપ્લાન્ટેશનની કામગીરીના નામે મીંડુ છે. મશીનને ઓપરેટ કરતો ડ્રાઈવર પણ છુટો કરી દેવાયો હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. જયારે શહેરમાં ઘણાંખરા વૃક્ષોનુ ટ્રાન્સપ્લાન્ટેશનના માધ્યમથી અન્ય ખસેડી જીવંત રાખી શકાય તેમ છે.

### મતદારો વધ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. તેમણે કહ્યું કે જિલ્લામાં માત્ર એક સ્થાનેથી આવી ફરિયાદ આવી હતી પરંતુ તેઓ અન્ય વિસ્તારમાં નોંધાયેલા મતદાર હતા અને ફરિયાદમાં કોઈ તથ્ય ન હતું. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં આખા વર્ષ દરમિયાન ૪૪, ૯૧૧ નવા નામો રદ કરવાની અરજીઓ મળી હતી જેનો ચકાસણીને અંતે સ્વીકાર કરવામાં આળતાં ૨૨૦૬૫ નવા મતદારોનો ઉમેરો થયો છે.

### સર્વે હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ કરી દેવામાં આવશે. જયારે સરકારી આવાસોમાં કર્મચારીઓના વસવાટને અનુલક્ષી તંત્ર દ્વારા દરવર્ષે સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જેના અંતે બિન અધિકૃત વસવાટના કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવામાં આવે છે. અત્યાર સુધીમાં તંત્ર દ્વારા ૯૮ કીસ્સામાં બિન અધિકૃત વસવાટ અંગે કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે દરવર્ષની જેમ આ વર્ષે પણ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ દરમિયાન નિવૃતિ તેમજ બદલી અને અવસાનના કીસ્સામાં આવાસમાં બિનઅધિકૃત વસવાટ અંગે માહીતી એકત્રિત કરવામાં આવશે. સેકટરોની ઈન્કવાયરીને આ જવાબદારી સોંપવામાં આવી છે. જયારે ટુંકમાં સર્વેની કામગીરીના અંતે ગેરકાયદેસર વસવાટ ધરાવતા કબજેદારો સામે પગલા લેવાશે.

### મોરપીંછનાં રંગ

(૪ પાનાનું ચાલુ...)

થયો હોય પણ આજે સૌ કોઈને એ સાચો લાગે છે. ઉપરાંત મોહિનીબા કન્યા વિદ્યાલયમાં સહકમી મીનાક્ષીબહેનને આપેલું પ્રોત્સાહન અને ટ્રસ્ટીઓ સાથે સંઘર્ષ કરીને ફાજલ થયેલા મીનાક્ષાબહેનને પોતાની જ સ્કૂલમાં પરત લાવવા, તો વળી સ્કૂલની દીકરીઓને I LOVE YOU કહેતા મજનૂઓને પાઠ ભણાવવો. અને સવાર સાંજ દુધ વેંચીને પોતાનું પતિ વિનાનું જીવન અને ગુજરાન ચલાવતા અન્નપૂર્ણાબહેનની કથા આપણને ભાવવિભોર કરી દે છે. જો કે છેલ્લા બે પ્રસંગોમાં ક્યાંક આત્મપ્રસંશાનો ભાવ જોવા મળે છે. કેમ કે "સંતાનના સામર્થ્યનો પ્રત્યક્ષ પરિચય...." માં ત્રીજા ધોરણમાં ભણતા પુત્ર સંજયની વાત અને અંતિમ "પડકારરૂપ કામગીરી હોય ત્યારે..." માં મહેસૂલ વિભાગની કામગીરીની જટિલતાનું વર્ણન સંવેદનશીલને બદલે આત્મપ્રસંશાત્મક સરકારી વધુ લાગે છે. એમાં સમષ્ટિગત ભાવના કરતા વ્યક્તિગત ભાવ વિશેષ રૂપે પ્રગટ થાય છે.

આમ મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલ દ્વારા લિખિત આ પુસ્તકદ્વારા એમના એક નવા વ્યક્તિત્વનો, એમની સંવેદનશીલતાનો, કુનેહનો, મુત્સદગીરીનો. નિષ્ઠાવાન શિક્ષિકાનો અને સત્ય તથા સાહસિક મહિલા તરીકેનો પરિચય સૌ કોઈને થાય છે. મારી દૃષ્ટિએ આ પુસ્તકની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે આજે સમય બદલાયો છે. સરકાર સમાજથી લઈને દેશના વિકાસની યોજનાઓ કરે છે. ગગનચૂંબી ઈમારતો બને છે. શૈક્ષણિક અને વ્યાપારિક મોટા મોટા હબ બને છે. પરંતુ જે સાચો વિકાસ કરવાનો છે એ સૌ ભૂલી જાય છે. આપણા સંસ્કારનો, માણસાઈનો, સંવેદનાનો... વ્યક્તિ જડ બની જાય પછી એ ગમે તેટલો વિકાસ કરે કોઈ મતલબ રહેતો નથી. આ પુસ્તકે માનવીની અંદર રહેલી સંવેદનાને - સંસ્કારને - માણસાઈના મૂલ્યને જીવતા કર્યા છે. આજે સૌને અમિતાભ બચ્ચનને મળવાનો મોહ છે પણ સાવ ગરીબ ઘરની દીકરીના સ્કૂલના પ્રવેશમાં અંગત રસ લેવો કે નારીકેન્દ્રની દીકરીના લગ્નમાં હાજરી આપવાની સંવેદના દેશમાં કયા રાજયના મુખ્યમંત્રીએ બતાવી? અહી સંવેદનના તાજા ખીલેલા સુગંધી ફૂલો છે. અહી મુખ્યમંત્રીના પદ કરતા સ્ત્રીનું પદ, એક શિક્ષિકાનું પદ, એક માતૃત્વનું પદ વિશેષ રીતે ઉજાગર થાય છે.

### વન્યસૃષ્ટિ

(૪ પાનાનું ચાલુ...)

વનસ્પતિમાં સંવેદનશા છે તેવું પ્રસ્થાપિત કરાયું જ છે. ત્યારે શું વનસ્પતિને બુદ્ધિ છે? તે દર્દ અનુભવે છે? તે યાદ રાખી શકે છે? કે તે ઈરાદાઓ, ઈચ્છાઓ અને સભાનતા ધરાવ છે? તેવા પ્રશ્નોનો ઉત્તર 'હા'માં મુકવા માટેના પ્રમાણો મળતાં રહે છે. કેટલાક તેને સાદું અનુકૂલન પણ કહે છે.

અંતમાં, પુસ્તકના લેખક માનસુકો કહે છે કે વનસ્પતિને હાનિ પહોંચાડવાનો કે તેના જીનેટીકલી ફેરફારો કરવાનો માનવને હક્ક નથી.